# ઉત્તર ગુજરાતમાં તિવ્ર ઠંડીથી બટાકાના વાવેતરને ફાયદો, મબલખ ઉત્પાદનથી કોલ્ડ સ્ટોરેજ ઉભરાશે

બાયડ, તા.૨૩

ઉત્તર ગુજરાતમાં તિવ્ર ઠંડીનું મોજુ ફરી વળતાં રવી વાવેતરને ફાયદો થઈ રહ્યો છે. શિયાળાના અંતિમ દિવસોમાં અનુકુળ ઠંડીનો માહોલ જળવાયેલો રહેતાં બટાકાના વાવેતરને ફાયદો પહોંચી રહ્યો છે. ઓણસાલ તિવ્ર ઠંડીના કારણે બટાકાનું પાક ઉત્પાદન વધશે જેના કારણે આગામી ટૂંક સમયમાં જ બટાકાના પાકથી કોલ્ડ સ્ટોરેજ ઉભરાઈ જવાની ધારણા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં તો કચ્ચારૂ બટાકા કાઢવાની કામગીરી પૂરજોશમાં શરૂ થઈ છે. ખેડૂતો ધાન્ય પાક કરતાં રોકડીયા પાક ઉપર વધુ ધ્યાન કેન્દ્રીત કરતા હોય છે. ઉત્તર ગુજરાતમાં દર વર્ષે રવી સીઝનની ખેતીના આરંભે ખેડૂતો બટાકાના પાક ઉપર વધુ મદાર રાખતા હોય છે. મોટાભાગના જિલ્લાઓમાં બટાકાને અનુકુળ હવામાન રહેતું હોવાથી આ વર્ષે પણ ખેડૂતોએ ઉચ્ચ ગુણવત્તાવાળા બટાકાના પાકનું ખેતરમાં વાવેતર કર્યું હતું. સમયાંતરે સિંચાઈનાં પાણી તેમજ અનુકુળ ઠંડી રહેતાં ખેતરો બટાકાના ઉત્પાદનથી ઉભરાઈ જાય તેવી આશા ખેડૂતોમાં વ્યક્ત થઈ રહી છે. છેલ્લા કેટલાક દિવસથી શિયાળાના અંતિમ દિવસોમાં તિવ્ર ઠંડીનું મોજુ ફરી વળતાં બટાકાના પાકને ફાયદો થયો છે. આ વર્ષે અનુકુળ હવામાનના કારણે બટાકાનું મબલખ ઉત્પાદન થશે. કેટલાક વિસ્તારોમાં હાલ કચ્ચારૂ બટાકા કાઢવાની કામગીરી શરૂ થઈ છે અને આગામી દિવસમાં અન્ય વિસ્તારોમાં પણ બટાકા કાઢવાની કામગીરીને જોતાં કોલ્ડ સ્ટોરેજોમાં બટાકા લઈને આવતા વાહનોની લાંબી કતારો જોવા મળશે. ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાય સમયથી ખેડૂતો બટાકાના વાવેતર ઉપર મદાર રાખતા હોય છે. ગત વર્ષે સારૂ ઉત્પાદન છતાં ખેડૂતોને યોગ્ય ભાવ મળ્યા ન હોવા છતાં આ વર્ષે પણ ખેડૂતોએ નસીબના જોરે બટાકાના પાકનું વાવેતર કર્યું છે. ટૂંક સમયમાં જ ખેતરોમાં બટાકા કાઢવાની કામગીરીનો ધમધમાટ જોવા મળશે.



## ઠંડીમાં પોલીસની ટ્રાફીક ડ્રાઈવ ટાઢીબોળ

બાયડ, તા.૨૩

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં જાન્યુઆરી મહિનાના અંતમાં શહેરી વિસ્તારમાં ટ્રાફીક સમસ્યાના હલને દૂર કરવા શહેરી વિસ્તારોમાં સવાર-સાંજ ટ્રાફીક ડ્રાઈવ શરૂ કરવાનું પોલિસ ભૂલી ગઈ છે. લગ્નસરાના અવસરના કારણે ટ્રાફિક સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા ૬ મહિનાથી જિલ્લા પોલીસ ટ્રાફીક ડ્રાઈવને ભૂલી ગઈ છે અને ઠંડીમાં પોલીસ પણ ટાઢીબોળ બની જતાં શહેરી વિસ્તારોમાં ઠેર ઠેર ટ્રાફીક સમસ્યાએ વેપારીઓ અને પ્રજાને નાકે દમ લાવી દીધો છે. ટ્રાફીક પોલીસ માત્ર શોભાના ગાંઠીયારૂપ કામગીરી કરતા હોવાના ફરી આક્ષેપ શરૂ થયા છે. જિલ્લામાં પોલીસની રહેમ નજર હેઠળ ખાનગી વાહનોમાં ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરી દોડાવવામાં આવી રહ્યાં છે. દર ૨-૩ મહિને યોજાતી જિલ્લાની ટ્રાફીક સલાહકાર સમિતિની બેઠક પણ માત્ર તમાશારૂપ બની ગઈ છે. કારણ કે આવતાં સૂચનોનો માત્ર કાગળ ઉપર અમલ થઈ રહ્યો છે. થોડાક સમય અગાઉ ટ્રાફીક સમસ્યા નિવારવા માટે બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ અને ભિલોડામાં સવાર-સાંજ ટ્રાફીક ડ્રાઈવ કરી અડચણરૂપ પાર્કીંગ કરેલાં વાહનો ડીટેઈન કરવામાં આવતાં હતાં પરંતુ પોલીસ ઉપર કોઈનું દબાણ આવ્યું હોય કે પછી ખિસ્સા ખર્ચી ખૂટી હોય તે રીતે હવે ટ્રાફીક ડ્રાઈવ ભૂતકાળ બની ગઈ છે. લગ્નસરાની સીઝનમાં જિલ્લાના મુખ્ય મથક ઉપરાંત શહેરી વિસ્તારમાં દરરોજના હજારો ગ્રાહકો ખરીદી માટે આવતા હોય છે. પરંતુ ટ્રાફીકની મર્યાદાનો ભંગ કરી વાહનો મુખ્ય માર્ગ ઉપર તેમજ ફૂટપાથ ઉપર ઉભાં રહેવાના કારણે વાહનોની મોટી કતારો લાગી રહી છે. જેના કારણે ટ્રાફીક સમસ્યા દિનપ્રતિદિન વકરી રહી છે.

## જન્મદિને વધામણી




કિશન પ્રજાપતિ
બાટડ જીલ્લો અરવલ્લી



ગોપાલભાઈ સોની
સાઠંબા વાયડ




ગજેન્દ્રસિંહ પરમાર
રાજયકક્ષાના મંત્રીશ્રી
તલોદ જીલ્લો સાબરકાંઠા



રાજેશભાઈ આચાર્ય
અમદાવાદ



મિલન પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી



ઘનશ્યામભાઈ નટવરભાઈ પટેલ
સી.આર..સીકો-ઓડીનેટર શ્રી
આકરુન્દતા
ધનસુરા જિલ્લો સાબકાંઠા



નેહલ પટેલ
બાયડ જીલ્લો અરવલ્લી



નબીભાઈ મીરજા
બાયડ જીલ્લો અરવલ્લી

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## જાણીતા હિલ સ્ટેશન માઉન્ટ આબુ માં ૮ દિવસ પછી, પારો ૩ ડિગ્રી વધીને ૧ ડિગ્રીએ પહુચ્યો, ઠંડા પવનને કારણે ઠંડક યથાવત રહી...

પાલનપુર તા.

છેલ્લા કેટલાક સમયથી થી ઠંડી થીજનજીવન પ્રભાવિત બન્યું હતું. આ અંગે અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ ગણપતભાઈ જોશીએ જણાવ્યું હતું કે, માઉન્ટ આબુમાં લઘુત્તમ તાપમાન ૮ દિવસ પછી સોમવારે ૧ ડીગ્રી જેટલું ઉપર આવ્યું હતું. છેલ્લા ૮ દિવસથી હિલ સ્ટેશનના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કાતિલ ઠંડી પડી રહી હતી, જેના કારણે સ્થાનિક લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. સોમવારે લઘુત્તમ તાપમાન ૧ ડિગ્રીએ પહોંચતાં લોકોને ઠંડીમાંથી થોડી રાહત મળી હતી, પરંતુ ઠંડા પવનને કારણે ઠંડક યથાવત રહી હતી. માઉન્ટ આબુમાં સવારે એક છોડના પાંદડા પર બરફનું આછું પડ જોવા મળ્યું હતું.



# સૌથી વધુ દાંતીવાડામાં ૫૮.૭ટકા જ્યારે સૌથી ઓછું વાવ તાલુકામાં ૩૫.૬ટકા રસીકરણ


## બનાસકાંઠામાં ૨.૧૮ લાખ પૈકી ૧.૦૮ લાખ એટલે કે માત્ર ૫૦% ચાતરકોએ જ રસી લીધી ધોરણ-૯ની શાળાઓમાં ઓફલાઇને શિક્ષણ બન્ધ હોઈ વિદ્યાર્થી રસીકરણથી વંચિત રહ્યા


પાલનપુર તા

બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકામાં ૩ જનયુઆરીથી કિશોરોને વેક્સિન આપવાની કામગીરીનો આરંભ કરવામાં આવ્યો છે. જેમાં અત્યાર સુધી જિલ્લામાં ૫૦% બાળકોએ જ વેક્સિન લીધી છે. ૧૫ થી ૧૭ વર્ષના ૬૭ ટકા છાત્રોએ સ્કૂલમાં જ્યારે ૫૫ ટકા છાત્રોએ ગામોમાં રસી લીધી હોવાનું આરોગ્ય વિભાગે જાહેર કર્યું છે.કુલ ૨.૧૮ લાખ છાત્ર પૈકી ૧,૦૮ લાખ છાત્રો અત્યાર સુધી વેક્સિનટેડ થયા છે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા કિશોરોને રસીકરણ આપવાની કામગીરી કરવામાં આવી રહી છે પરંતુ બનાસકાંઠા જિલ્લામાં ૨,૧૮,૨૨૫ કિશોરોની સામે ૧૮ દિવસમાં ૧,૦૮,૮૧૩ એટલે ૪૯.૯% કિશોરો જ વેક્સિનટ થયા છે. જીલા આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે સમગ્ર જિલ્લામાં સૌથી વધુ દાંતીવાડામાં ૫૮.૭ ટકા જ્યારે સૌથી ઓછું વાવ તાલુકામાં ૩૫.૬ ટકા થયું હતું. જ્યારે અન્ય તાલુકાઓમાં પણ ૧૮ દિવસમાં ઊડીને આંખે વળગે તેવી નોંધપાત્ર પ્રગતિ જોવા મળી ન હતી.તાલુકા વાઇઝ ટકાવારી જોઈએ તો અમીરગઢ ૩૮.૭ તા ભાભર ૪૦.૬ દાંતા ૫૭.૯ ડીસા ૫૪.૪ દિયોદર ૫૬.૧ ધાનેરા ૪૮.૨ કાંકરેજ ૫૦.૦ લાખણી ૪૭.૫ પાલનપુર ૫૮.૩ સુઈગામ ૩૭.૯ થરાદ ૪૦.૩ અને વડગામ ૪૯.૪ સમાવેશ થાય છે. 'જિલ્લા શિક્ષણ અધિકારી ડૉ. જીગ્નેશ હરીયાણીએ અમારા સંવાદ દાતા હરેશ જી. જોષી પાલનપુર સાથે વાતચીત કરતાજણાવ્યું હતું કે 'શાળામાં અભ્યાસ કરતા મોટા ભાગના છાત્રોનું વેક્સીનેશન થયું છે. જે છાત્રો બાકી રહી ગયા છે તેમને ઘરે જઈને વેક્સિન આપવાની કામગીરી હાથ ધરાઈ છે. 'જિલ્લા માધ્યમિક શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે ધોરણ ૯ની શાળાઓમાં હાલમાં ઑફલાઈન શિક્ષણકાર્ય બંધ હોવાથી ૧૫ વર્ષના કેટલાક નવમા ધોરણમાં ભણતા છાત્રોનું વેક્સિનેશન બાકી રહી ગયું છે. 'આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે બાકી રહેલા કિશોરોને રણ રસી આપશે.



# બનાસકાંઠા જિલ્લામાં મોડી સાંજે કમોસમી માવઠું





પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં બે દિવસ અગાઉ હવામાન વિભાગ દ્વારા કમોસમી માવઠાની આગાહી કરવામાં આવી હતી અને જિલ્લાના તમામ માર્કેટયાર્ડ સાથે ખેડૂતોને સાવચેતી રાખવા અનુરોધ કરાયો હતો. આજ રોજ સવારે સામાન્ય ઠંડી સાથે દિવસની શરૂઆત થઈ હતી અને બપોરે અચાનક વાતાવરણમાં પલટો થતા વાદળછાયું વાતાવરણ થઈ ગયું હતું પછી મોડી સાંજે અનેક ગામોમાં ધીમા વરસાદનું માવઠું પડતાં સમગ્ર પંથકમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જોકે આ માવઠાથી કોઈ નુક્સાનન થવાની શક્યતા નહિવત છે તેવું ખેડૂત હરેશભાઈ પઢિયારે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી આગાહી મુજબ બે થી ત્રણ દિવસ માવઠાની અસર જોવા મળશે ત્યારબાદ ફરીથી ઠંડીનો ચમકારા સાથે શિયાળાનો માહોલ જામશે. ??કોરોના લાઈવ : જિલ્લામાં આજે કોરોના રેકોર્ડબ્રેક ૨૫૨ કેસો નોંધાયા : એક્ટિવ કેસની સંખ્યા એક હજારને પાર પાલનપુરમાં ૭૮, ડીસામાં ૬૭ સહિત જિલ્લામાં ૨૫૨ લોકો સંક્રમિત થતા ચકચાર એક્ટિવ કેસની સંખ્યા ૧૧૦૪ પર પહોંચી, આજે ૫૭ લોકોને ડિસ્ચાર્જ કરાયા જિલ્લામાં ૩૭૫૧ ઈૅઝઈ અને ૧૩૪૧ એન્ટીજન ટેસ્ટ કરવામાં આવ્યા

## બનાસકાંઠા જિલ્લામાં બીજી લહેર બાદ ફરી કોરોના પોઝિટિવ કેસ સામે આવવા લાગ્યા છે.

પાલનપુર તા.૨૩

બનાસકાંઠા જિલ્લામાં બીજી લહેર બાદ ફરી કોરોના પોઝિટિવ કેસ સામે આવવા લાગ્યા છે. જેમાં આજે શનિવારે જિલ્લામાં ૨૫૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે. જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે, જેમાં જિલ્લામાં ટોટલ એક્ટિવ કેસનો આંક ૧૧૦૪ પર પહોંચ્યો છે. બનાસકાંઠા જિલ્લામાં



દિનપ્રતિદિન કોરોના પોઝિટિવ કેસોની સંખ્યામાં સતત વધારો થતો જોવા મળી રહ્યો છે. જેમાં જિલ્લામાં આજે ૨૫૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાતાં તંત્ર હરકતમાં આવ્યું છે. બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા 3751 RTPCR અને ૧૩૪૧ એન્ટીજન ટેસ્ટ એમ ટોટલ ૫૦૯૦ જેવા ટેસ્ટ કરતા ૨૫૨ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. જો તાલુકા પ્રમાણે વાત કરીએ તો અમીરગઢમાં ૦૧, ભાભરમાં ૦૩, દાંતામાં ૧૭, દાંતીવાડામાં ૨૫, ડીસામાં ૬૭, ધાનેરામાં ૧૫, લાખણીમાં ૦૩, કાંકરેજમાં ૦૫, પાલનપુરમાં ૭૯, સુઈગામમાં ૦૨, વડગામમાં ૧૭, થરાદમાં ૧૩, વાવમાં ૦૫ સહિત જિલ્લાના ૧૩ તાલુકામાં કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે.

## ST બસ અને બાઈક વચ્ચે અકસ્માતમાં ત્રણના મોત

મહીસાગર, તા.૨૩

ગુજરાતમાં અકસ્માતની ઘટનાઓ દરરોજ બનતી રહે છે ત્યારે મહિસાગર જિલ્લામાં એક કમકમાટી ભરી અકસ્માતની ઘટના બની હતી. અહીં સંતરામપુર પાસે ગુજરાત સરકાર પરિવહન નિગમની એસટી બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અરેરાટી ભરેલા આ અકસ્માતમાં બે સગા ભાઈઓ અને એક યુવક સહિત કુલ ત્રણના મોત નીપજ્યા હતા. ઘટનાના પગલે સમગ્ર પંથકમાં હડકંપ મચી ગયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને સ્થિતિ સંભાઈને આગળની કાર્યવાહી હાથધરી હતી. ઘટના અંગે મળતી માહિતી પ્રમાણે મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના હીરાપુર ગામ પાસે બાઈક ઉપર ત્રણ યુવકો પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન એસટી બસ પણ ત્યાંથી પસાર થતાં બંને વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેના પગલે સંતરામપુર તાલુકાના વાજિયાકોટના ડેમલી ફળિયામાં રહેતા ૨ વર્ષીય અજય લાલસિંહ ખરાડી અને ૨૭ વર્ષીય જયદીપ લાલસિંગ ખરાડી જે સગા ભાઈઓ છે અને અન્ય ૨૫ વર્ષીય વિકાસભાઈ સોમાભાઈ ખરાડીનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. વાજિયાકોટના ડેમલી ફળિયામાં રહેતા ત્રણેયુવકોઆજેરવિવારેપોતાના ઘરેથી બાઈક ઉપર હીરાપુર ગામ તરફ જતાં હતા. તે સમયે હીરાપુર ગામ પાસે ઝાલોદ-અમદાવાદ એસટીબસ કાળ બનીને સામે ભટકાઈ હતી. જેમાં બસની આગળના ભાગે બાઈક ઘૂસી ગયું હતું. અને ત્રણે યુવકના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. માનવામાં આવી રહ્યું છે કે એસટીબસ સાથે ૧૦૦ મિટર સુધી મૃતદેહો ઢસડાયા હતા.

### પ્રાંતિજ વાઘપુર-ભાગપુર રોડ બિસ્માર હાલત મા

# રસ્તાને લઈ ને વાહન ચાલકો ને અંધ વચ્ચે પંક્ચર પડે છે રસ્તા નુ કામ તાકિદે શરૂ કરવા માંગ





પ્રાંતિજ તા.૨૩|૧|૨૦૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ વાઘપુર-ભાગપુર જતો રસ્તો હાલ બિસ્માર હાલત મા હોય ગામજનો દ્વારા રસ્તા ને લઈ માંગ ઉઠવા પામી છે પ્રાંતિજ તાલુકાના વાઘપુર-ભાગપુર નો પાકો રસ્તો છેલ્લા કેટલાય વર્ષ થી ઠામ ઠેકાણા વગરનો ને ભંગાર બની જતા અંહી રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો સહિત ગ્રામજનો ને રસ્તાને લઈ ને મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે તો અહીંથી પ્રસાર થતા વાહન ચાલકો ના રસ્તો ભંગાર બની જતા રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો પરેશાન વાહનોમા પંક્ચર પડતા અધવચ્ચે પડયા રહેવુ પડેછે અને જયા જોવો ત્યા ખાડા ખડીયા વાળો રસ્તાને ગ્રામજનો ને પણ શીરદર્દ સમાન છે ત્યારે હાલતો આ રસ્તો ભંગાર બની જતા રોજીદુ અવરજવર કરતા વાહન ચાલકો પરેશાની ભોગવી રહ્યા છે ત્યારે વાઘપુર ગ્રામજનો દ્વારા બિસ્માર રસ્તાને લઈ ને નવીન રસ્તો બનાવવામા આવે તેવી માંગ ઉઠવા પામી છે

## ડીસામાં એસટી બસમાંથી યુવક યુવતીના મૃતદેહ મળ્યા

ડીસા, તા.૨૩

ડીસામાં બનેલ એક બનાવથી ચકચાર મચી ગઈ છે. ડીસામાં એસટી બસમાંથી યુવક યુવતીના મૃતદેહ મળતા ડીસા પોલીસ દોડતી થઈ છે. બંને યુવક-યુવતી રાધનપુરથી બસમા બેસ્યા હતા, અને ડીસામાં તેમનો મૃતદેહ મળ્યો હતો. પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ કે, એક યુવક અને યુવીત રાધનપુરથી અંબાજી જતી બસમાં બેસ્યા હતા. ય્ન્ન૧૮ ઢ૨૦૮૫ નંબરની બસ અંબાજી જઈ રહી હતી. ત્યારે ડીસા પહોંચતા જ બસના કંડક્ટરે યુવક-યુવતીને જગાડ્યા હતા. પરંતુ બંને ઉઠ્યા ન હતા. જેથી બસના કંડક્ટરે પોલીસને જાણ કરી ૧૦૮ દ્વારા બંન્નેને સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. સિવિલના તબીબોએ બંન્ને યુવક-યુવતીને મૃત જાહેર કર્યા હતા.પોલીસની પ્રાથમિક તપાસમા સામે આવ્યુ કે, માંડવી-અંબાજી બસમાં રાધનપુરથી બેઠેલા યુવક-યુવતીએ બસમાં ઝેરી દવા ગટગટાવીને મોત વ્હાલુ કર્યુ હતું. પોલીસે બંન્ને મૃતકોના મૃતદેહોને પોસમોર્ટમ અર્થે ખસેડી હાથ ધરી વધુ તપાસ હાથ ધરી છે. મૃતક યુવક-યુવતી પ્રેમી પંખીડા હોવાનું અનુમાન છે. ત્યારે પોલીસે બંનેની ઓળખ જાણવા, બંને કયા શહેરના છે તે મામલે તપાસ શરૂ કરી છે.

# ડેમાઈ પંથકના પૂર્વ – દક્ષિણ પટ્ટાના ખેડૂતોને સિંચાઈનો લાભ આપો

બાયડ, તા.૨૩

બાયડ તાલુકાના ડેમાઈ પંથકના પૂર્વ-દક્ષિણ પટ્ટાના ખેડૂતોને સિંચાઈનો લાભ આપવાની ખેડૂતોએ માંગ કરી છે. સરકાર ખેડૂતોને સમૃદ્ધ બનાવવાની વાત કરે છે પરંતુ બાયડ તાલુકાના જ અસંખ્ય ગામડાંના ખેડૂતો આઝાદીના ૭ દાયકા પછી પણ સરકારી સિંચાઈના લાભથી વંચિત રહી ગયા છે. અરવલ્લી જિલ્લામાં નબળી ગણાતી નેતાગીરીના કારણે છેલ્લા ૭ વર્ષમાં જે વિકાસ થવો જોઈએ તે વિકાસ સતત રૂંધાઈ રહ્યો છે. ચૂંટાવા માટે લોકપ્રતિનિધિઓ ખેડૂતોના નામે રોટલા શેકે છે પરંતુ ચૂંટાયા પછી એ.સી. વાહનમાં ફરવામાંથી ઉંચા આવતા નથી અને માત્ર આકાશી ખેતી ઉપર નભતા ખેડૂતો દિવસે-દિવસે બરબાદ થતાં અનેક પરિવારો ખેતીના ધંધાથી વિમુખ થતાં પાછલા એક દાયકામાં જ બાયડ તાલુકામાં ૧૦૦૦ જેટલા ખેડૂતો ઘટી ગયા છે. બાયડ તાલુકામાં લાંક ડેમ ઉપરાંત વાત્રક અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ મારફતે અનેક ખેડૂતોને સિંચાઈનો લાભ મળતો હોય છે પરંતુ ડેમાઈ પંથકના અસંખ્ય ખેડૂતો આજે પણ સિંચાઈના લાભથી વંચિત રહી જાય છે. ગામમાં કોઈ નેતા મુલાકાતે આવે કે પછી પ્રચાર માટે આવે ત્યારે કેટલાક ખેડૂતો સિંચાઈના પાણી માટે આવેદનપત્ર આપતા હોય છે પરંતુ છેલ્લા ૧૦ વર્ષથી સિંચાઈ ઝંખતા ખેડૂતોને આપેલાં આશ્વાસન ફારસરૂપ સાબિત થયાં છે. ડેમાઈ પંથકના ખેડૂતોએ જણાવ્યા અનુસાર સરકારની ખેડૂત વિરોધી નીતિના કારણે અમો બધા આજે પણ સિંચાઈના લાભથી વંચિત રહી ગયા છીએ. રાજ્ય અને દેશ ત્યારે જ સમૃદ્ધ થશે જ્યારે ખેડૂત પોતે સમૃદ્ધ હોય. ખેડૂત સમૃદ્ધ હશે તો બજારોમાં પણ તેની સારી અસર જોવા મળશે. રાજ્યમાં ભા.જ.પ. કે કોંગ્રેસ કોઈપણ સરકાર હોય માત્ર ખેડૂતોને ચૂંટણી સમયે લલચાવીને મત લીધા પછી ૫ વર્ષ સુધી ખેડૂતોને યાદ કરવામાં આવતા નથી.